વ્યાપાર ગુજરાત

## સુરતની લેસર ડાયમંડ ઉત્પાદન કંપનીના સંશોધનકર્તા

# મુંજાલ ગજ્જરને ફોટોનિક્સના ટોચના ૧૦૦ સંશોધન કર્તામાં સ્થાન

## એશિયાના ત્રણ સંશોધકો અને ભારતમાંથી એકમાત્ર મુંજાલ

અમારા પ્રતિનિધિ તરફથી
સુરત, તા. ૨૩ ડિસે.

શહેરની ટોચની ડાયમંડ લેસર મશીન ઉત્પાદન કરતી સહજાનંદ ટેક્નૉલૉજી કંપનીના સંશોધન અને ડેવલપમેન્ટ વિભાગના હેડ મુંજાલ ગજ્જરને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટોનિક્સ દ્વારા ઉદ્યોગજગતના ટોચના ૧૦૦ વિશેષ સંશોધનકર્તા લોકોની યાદીમાં સ્થાન આપ્યું છે. ધ ફોટોનિક્સે જે ૧૦૦ લોકોની યાદી જાહેર કરી છે તેમાંથી એશિયાના ત્રણ સંશોધકોને સ્થાન મળ્યું છે, જેમાંથી ભારતમાંથી એકમાત્ર મુંજાલ ગજ્જર છે.

મેગેઝિન દ્વારા દર વર્ષે એક યાદી જાહેર કરવામાં આવે છે. જેમાં વિશ્વના ફક્ત ૧૦૦ વ્યક્તિઓ સ્થાન મળે છે, જેમને વિશ્વસ્તરે વિશિષ્ઠ અને નોંધપાત્ર કામગીરી આપનારા લોકોને સન્માનિત કરવામાં આવે છે. લેસર ટેક્નૉલૉજી,આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ આધારિત ડાયમંડ પ્રોસેસિંગ સોલ્યુશન્સ વિક્સાવનાર સુરતની એસટીપીએલના સંશોધન વિભાગના હેડ મુંજાલ ગજ્જરને તેમના ઈનોવેટિવ સંશોધનો માટે દુનિયાના ૧૦૦ ઈનોવેટિવ



વ્યક્તિઓમાં સ્થાન મળ્યું. હીરા ઉદ્યોગમાં લેસર ટેક્નૉલૉજીના આવિષ્કારથી સમગ્ર ઉદ્યોગને મોટો ફાયદો થયો છે. ઉત્પાદનની ક્વોલીટી સુધરી છે અને પરંપરાગત ડાયમંડ કટિંગમાં જે નુકશાન થતું હતું તે લેસર ટેક્નૉલૉજીથી અટકી છે. સુરતની એસટીપીએલમાં લેસર ટેક્નૉલૉજીના આવિષ્કારમાં મોટો સિંહફાળો છે. કંપનીના મુંજાલ ગજ્જરે પણ છેલ્લા બાવીસ વર્ષથી લેસર ટેક્નૉલૉજીમાં સંશોધન કર્યું છે.

કંપનીના સીઈઓ રાહુલ ગાયવાલા અને એમડી ભાર્ગવ કોટડીયાએ જણાવ્યું હતું કે ફોટોનિક્સ એ પ્રકાશનાં કિરણોના ભૌતિક વિજ્ઞાનની શાખા છે. પ્રકાશ અને ખાસ કરીને લેસર કિરણોનો વિવિધ પ્રકારે જીવન ઉપયોગી બાબતોમાં ઉપયોગ કરવાના વિજ્ઞાન અને ઉદ્યોગમાં ફોટોનિક્સ બહુ મહત્ત્વપૂર્ણ બાબત છે. અમારા માટે ગર્વની વાત છે કે એસટીપીએલના મુંજાલ ગજ્જરે ફોટોનિક્સ, ખાસ કરીને લેસર ટેક્નૉલૉજીના ક્ષેત્રે નીતનવાં સંશોધનો દ્વારા દેશના સમગ્ર હીરાઉદ્યોગની કાયાપલટ કરવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. તેમણે આ જ ટેક્નૉલૉજીના ઉપયોગથી ભારતમાં મેડિકલ સ્ટેન્ટનું ઉત્પાદન શક્ય બનાવવામાં પણ વિશેષ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે, આ પહલથી ભારત મેડિકલ સ્ટેન્ટના ઉત્પાદન થકી આત્મનિર્ભર બન્યો છે.